For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ફેસબુક પર યુવતીની મિત્રતા બાદ વિદેશમાં રહેતા કાકાના નામે સંપર્ક કરાવી ઠગાઈ આચરાઈ

# ક્રિપ્ટો ટ્રેડિંગમાં ઊંચા નફાની લાલચ આપી અટલાદરાના યુવક સાથે રૂ.૯૨.૪૮ લાખની ઠગાઈ

**સાયબર** ઠગાઈના વધતા બનાવો વચ્ચે સાયબર એસીપી સહિતની ટીમનું પેટનું પાણી હાલતું નથી

(પ્રતિનિધિ) વડોદરા તા.23

ક્રિપ્ટો ટ્રેડિંગમાં 50થી 60 ટકા નફો કમાવવાની લાલચ આપીને સાયબર ઠગોએ વડોદરાના 34 વર્ષીય યુવક સાથે રૂ. 92.48 લાખની છેતરપિંડી આચર્યાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસમાં નોંધાઈ છે. ફેસબુક પર યુવતીના નામે મિત્રતા કર્યા બાદ વોટ્સએપ મારફતે રોકાણ કરાવી અલગ-અલગ યુપીઆઈ આઈડી અને બેંક ખાતાઓમાં લાખો રૂપિયા ટ્રાન્સફર કરાવાયા હતા.

ફરિયાદ મુજબ, અટલાદરા વિસ્તારમાં રહેતા અને હરણીની કચ્છ કેમિકલ કંપનીમાં માર્કેટિંગ વિભાગમાં નોકરી કરતા જસ્મિનભાઈ કનુભાઈ પટેલને 10 જાન્યુઆરી, 2026ના રોજ ફેસબુક પર અદિતિ મિશ્રા નામની યુવતીની ફ્રેન્ડ રિક્વેસ્ટ મળી હતી. ત્યારબાદ બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. યુવતીએ વોટ્સએપ નંબર આપીને ક્રિપ્ટો ટ્રેડિંગમાં મોટો નફો મળતો હોવાની વાત કરી હતી અને નફાના સ્ક્રીનશોટ મોકલી વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો.

ત્યારબાદ યુવતીએ તેના કાકા નીતિશ કુમાર સાથે વાત કરાવી હતી અને 'globixvault.com' વેબસાઈટની લિંક મોકલી હતી. શરૂઆતમાં રૂ. 10 હજારનું રોકાણ કરાવ્યા બાદ પોર્ટલ પર નફો દર્શાવવામાં આવ્યો હતો. યુવકના બાઈનાન્સ વોલેટમાં 717.29 USDT એટલે કે આશરે રૂ. 71,729 પરત મોકલી વિશ્વાસ વધુ મજબૂત કરવામાં આવ્યો હતો. આ રીતે યુવક પાસેથી અલગ-અલગ તબક્કે કુલ રૂ. 94,27,614 ટ્રાન્સફર કરાવાયા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ, એમ.આર.એમ. પોર્ટલ મારફતે રૂ. 1,07,606 પણ પરત મળ્યા હતા. આમ, કુલ પરત મળેલી રકમ બાદ રૂ. 92,48,279 પરત નહીં મળતાં યુવકે પોલીસનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે બેંક ખાતાં, યુપીઆઈ વ્યવહારો અને વોટ્સએપ ચેટની તપાસ મહત્ત્વપૂર્ણ બની છે. શહેરમાં વધતી સાયબર ઠગાઈ વચ્ચે આરોપીઓ સુધી પહોંચવા અને ભોગ બનેલાં લોકોને નાણાં પરત અપાવવા પોલીસની કાર્યવાહી અંગે પણ સવાલો ઊઠી રહ્યા છે.

### લક્ષ્મીપુરામાં મોબાઈલમાં એપ ડાઉનલોડ થતાં જ ખાતામાંથી રૂ.60 હજાર કપાઈ ગયા

લક્ષ્મીપુરા વિસ્તારમાં અપોલો ફાર્મસીમાં હાજર કેતનભાઈ અશોકભાઈ શેઠના મોબાઈલમાં અચાનક એપ્લિકેશનો બંધ થઈ જતાં તપાસ કરતાં B-PLAY PRO નામની એપ્લિકેશન મળી આવી હતી. મોબાઈલ રીસેટ કર્યા બાદ પેમેન્ટ ચેક કરતાં તેમના ખાતામાંથી રૂ.60,800 ઉપડી ગયાનું સામે આવ્યું હતું.11 ઓક્ટોબરના રોજ બપોરે ત્રણ વાગ્યે નારાયણ ગાર્ડન નજીક આવેલી અપોલો ફાર્મસીમાં કેતનભાઈનો મોબાઈલ અચાનક અપડેટ થવા લાગ્યો હતો અને કોઈ એપ્લિકેશન ખુલતી નહોતી. મિત્ર કરણભાઈએ તપાસ કરી B-PLAY PRO એપ્લિકેશન ડિલીટ કરી મોબાઈલ રીસેટ કર્યો હતો. ત્યારબાદ ગુગલ પે મારફતે રૂ.60,800માંથી રૂ.3,400, રૂ.10,000 અને રૂ.50,000 એમ ત્રણ અલગ-અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર થયાનું જાણવા મળ્યું હતું. આ અંગે લક્ષ્મીપુરા પોલીસે તપાસ શરૂ કરી છે.

### ૬૦ માર્કે પાસ નહિ હવે પાસ થવા માટે ૭૫ માર્ક લાવવા પડશે

# ડ્રાઈવિંગ લાયસન્સના નિયમો બદલાશે, હવે લાયસન્સ પર દેખાશે નાગરિકતા અને બ્લડ ગ્રૂપ

**વિદેશીઓને** અલગ રંગનું લાયસન્સ મળશે, સોગંદનામાથી કામ નહીં ચાલે - કેન્દ્રની નવી દરખાસ્ત

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

ડ્રાઈવિંગ લાયસન્સ કઢાવવાની પ્રક્રિયા હવે વધુ કડક અને પારદર્શક બનાવવાની તૈયારી ચાલી રહી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયે લાયસન્સ વ્યવસ્થામાં ફેરફાર માટે નવા નિયમોનો મુસદ્દો બહાર પાડ્યો છે. આ દરખાસ્ત મુજબ, લાયસન્સ પર નાગરિકતાની વિગતો દર્શાવવા ઉપરાંત ભારતીય અને વિદેશી નાગરિકો માટે અલગ રંગના લાયસન્સ રાખવાની જોગવાઈ સૂચવવામાં આવી છે. જોકે, આ ફેરફારો હજુ દરખાસ્તના તબક્કામાં છે અને અંતિમ નિર્ણય લેવાનો બાકી છે.

નવા મુસદ્દામાં ડ્રાઈવિંગ લાયસન્સ પર બ્લડ ગ્રુપ, મોબાઈલ નંબર અને ઈમરજન્સી સંપર્ક નંબર દર્શાવવાની જોગવાઈ સૂચવાઈ છે. અકસ્માત જેવી કટોકટીની સ્થિતિમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક મદદ પહોંચાડવામાં આ વિગતો ઉપયોગી બની શકે છે. વિદેશી નાગરિકોએ ભારતમાં કાયદેસર રીતે રહેતા હોવાનો પુરાવો રજૂ કરવો પડશે.

દસ્તાવેજોની ચકાસણીની પ્રક્રિયામાં પણ ફેરફાર સૂચવાયા છે. અત્યાર સુધી કેટલાક કિસ્સામાં દસ્તાવેજના અભાવે સોગંદનામા અથવા વીમા પોલિસીના આધારે પ્રક્રિયા આગળ વધતી હતી. નવી દરખાસ્તમાં આ વિકલ્પો દૂર કરવાની વાત છે. સરનામાના પુરાવા તરીકે આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, ઈ-રેશન કાર્ડ તેમજ છેલ્લા ત્રણ મહિનાનાં વીજળી કે ગેસનાં બિલ માન્ય રાખવાની દરખાસ્ત છે. ઉંમરના પુરાવા માટે પાસપોર્ટ, જન્મ પ્રમાણપત્ર, શાળાની માર્કશીટ અથવા સરકારી ઓળખપત્ર રજૂ કરવાનું સૂચવાયું છે. લાયસન્સ મેળવવા માટેની ઓનલાઈન ટ્યુટોરિયલ ટેસ્ટમાં પણ ફેરફાર સૂચવવામાં આવ્યો છે. હાલ 60 માર્કે પાસ થવાની જોગવાઈ સામે નવા મુસદ્દામાં પાસ થવા માટે 75 માર્ક મેળવવા અને ઓછામાં ઓછા 30 મિનિટ સુધી ટ્યુટોરિયલ જોવું ફરજિયાત બનાવવાની દરખાસ્ત છે. આ ઉપરાંત આધાર આધારિત ઓનલાઈન વેરિફિકેશનથી નામ, સરનામું કે મોબાઈલ નંબર સુધારવા માટે ફી નહીં લેવાની જોગવાઈ સૂચવાઈ છે. અરજીનો 15 દિવસમાં નિકાલ કરવો અને અરજી નામંજૂર થાય તો તેનું કારણ જણાવવું પડશે. સરનામું બદલવાની અરજી 30 દિવસ સુધી પેન્ડિંગ રહે તો તેને આપમેળે મંજૂર ગણવાની પણ દરખાસ્ત છે. મંત્રાલયના આ મુસદ્દા પર જનતાનાં સૂચનો અને વાંધા મંગાવ્યા બાદ અંતિમ નિર્ણય લેવાશે. તેથી નવા નિયમોનો અમલ ક્યારે અને કયા સ્વરૂપે થશે તે અંગે હાલ સ્પષ્ટતા થઈ નથી.

# સાવકી માતાએ મનોદિવ્યાંગ પુત્રીને એક રૂમમાં પૂરી દીધી

**ગરબા** રમવા લઈ જવાની વાતે વિવાદ થતાં મારામારી, લક્ષ્મીપુરા પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરાના ગોત્રી રોડ પર આવેલા કિશન કોમ્પ્લેક્સમાં રહેતા ૬૨ વર્ષીય હીનલકુમાર ઘનશ્યામભાઈ દેસાઈએ પોતાની બીજી પત્ની રેખાબેન યાદવ સામે મનોદિવ્યાંગ પુત્રીને હેરાન કરવા, રૂમમાં પૂરી રાખવા અને માર મારવાના આક્ષેપ સાથે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

હીનલકુમાર સોલાર પેનલનું છૂટક કામ કરે છે. તેમની પ્રથમ પત્નીનું વર્ષ ૨૦૨૦માં અવસાન થયું હતું. પ્રથમ લગ્નથી તેમને ૩૫ વર્ષીય મનોદિવ્યાંગ પુત્રી નુપુર છે, જે દિવાળીપુરા સ્થિત અર્પણ ચેરિટેબલ ટ્રસ્ટની વિશેષ શાળામાં અભ્યાસ કરે છે. એપ્રિલ ૨૦૨૫માં રેખાબેન ધનરાજ યાદવ સાથે સંપર્ક થયા બાદ બંનેએ ૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ કોર્ટ મેરેજ કર્યા હતા.

ફરિયાદ મુજબ, લગ્નના થોડા સમય બાદ રેખાબેનનું પુત્રી પ્રત્યેનું વર્તન બદલાયું હતું. પતિએ આક્ષેપ કર્યો છે કે પુત્રીને ખોરાક-પાણી આપ્યા વગર રૂમમાં પૂરી રાખવામાં આવતી હતી. તેને સંસ્થા કે આશ્રમમાં મૂકી આવવા માટે પણ દબાણ કરાતું હતું. રેખાબેનની અગાઉના લગ્નથી થયેલી પુત્રીએ પણ ફોન પર ઉગ્ર બોલાચાલી કરી ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે.

૨૧ ઓક્ટોબરે ઘરમાં સીસીટીવી કેમેરા લગાવવાના મુદ્દે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ હીનલકુમાર પુત્રીને સોના પાર્ટી પ્લોટ ખાતે ગરબા રમવા લઈ જવાની તૈયારી કરતા ફરી વિવાદ થયો હતો. આ દરમિયાન પત્નીએ પતિના ડાબા ખભા પર માર માર્યો અને પુત્રીનો હાથ ખેંચી તેને નખ મારી ઈજા પહોંચાડી હોવાનો આક્ષેપ છે. બંનેને ગોત્રી જનરલ હોસ્પિટલમાં સારવાર અપાયા બાદ પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

## ૧૫ કરોડના કૌભાંડમાં અમેરિકાના બિલ્ડરની આગોતરા અરજી રદ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

રૂ. 15 કરોડથી વધુના નાણાકીય વ્યવહારોના કથિત કૌભાંડમાં અમેરિકામાં રહેતા બિલ્ડર ભાવેશ નરેશચંદ્ર અમીનને વડોદરાની ત્રીજી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે રાહત આપવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે તેમની આગોતરા જામીન અરજી નામંજૂર કરી છે.

આ કેસમાં અમિત મુકેશ શાહ, ભાવેશ અમીન અને અપૂર્વ દિનેશ પટેલે કથિત ગુનાહિત કાવતરું રચ્યું હોવાનો આરોપ છે. બેન્કની સંમતિ અને ડેટ રિકવરી ટ્રિબ્યુનલની મંજૂરી વિના જમીનના વ્યવહારો કરવા તથા મહત્ત્વપૂર્ણ હકીકતો છુપાવી ખોટા દસ્તાવેજોનો ઉપયોગ કર્યાના આક્ષેપો છે. સરકારી વકીલ અનિલ દેસાઈએ ભાવેશ અમીનની કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી હોવાનું જણાવ્યું હતું. તેઓ અમેરિકામાં રહેતા હોવાથી તપાસમાં મુશ્કેલી પડતી હોવાની દલીલ પણ કરાઈ હતી. કોર્ટે રજૂઆતોને ધ્યાનમાં રાખીને અરજી ફગાવી દીધી હતી.

### ગોચરની જમીન અને રસ્તાની આસપાસ બે સ્થળે કેમિકલ ઠાલવાયું

# લસુન્દ્રા ગામની સીમમાં ઠાલવાયેલા કેમિકલના સેમ્પલ FSLમાં મોકલાયા

**SOGએ** CCTV ફૂટેજના આધારે તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા.22

લસુન્દ્રા ગામની સીમમાં સુભેલાવ તરફ જતા રસ્તાની બાજુમાં અજાણ્યા વાહનચાલકો દ્વારા વેસ્ટ કેમિકલ ઠાલવીને જતા રહેવાની ઘટના સામે આવી છે. જમીન, માનવજીવન અને પશુ-પક્ષીઓ માટે જોખમ ઊભું થવાની આશંકાને પગલે પોલીસ અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની ટીમે તપાસ શરૂ કરી છે. ઘટનાસ્થળેથી કેમિકલના સેમ્પલ લઈ FSLમાં ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે.

લસુન્દ્રા ગામની સીમમાં સુભેલાવ તરફ જતા રસ્તાની બાજુમાં તેમજ સીમ વિસ્તારમાં અજાણ્યા વાહનચાલકો દ્વારા વેસ્ટ કેમિકલ ઠાલવીને જતા રહેવાની ઘટના સામે આવતાં તંત્રમાં દોડધામ મચી છે. જોખમી કેમિકલના



કારણે જમીન, માનવજીવન અને પશુ-પક્ષીઓને નુકસાન થવાની શક્યતા હોવાથી પોલીસ સ્ટાફે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસ દરમિયાન રસ્તાની ડાબી બાજુએ આવેલી ગોચરની જમીન પરના ખાડાઓમાં આશરે 100 મીટરના વિસ્તારમાં કેમિકલ ઠાલવવામાં આવ્યું હોવાનું જણાયું હતું. જ્યારે રસ્તાની જમણી બાજુએ આશરે 200 મીટર દૂર અન્ય સ્થળે પણ લગભગ 100 મીટરના વિસ્તારમાં જમીન પર અને ખાડાઓમાં વેસ્ટ કેમિકલ ઠાલવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. કેમિકલ જમીનમાં ઉતરી ગયું હતું અને કેટલાક સ્થળે સુકાઈ ગયેલી હાલતમાં પણ જોવા મળ્યું હતું.

આ કેમિકલ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને કોણે ઠાલવ્યું હતું તે દિશામાં SOG પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. કેમિકલ ઠાલવનારા શખ્સોને શોધી કાઢવા આસપાસના વિસ્તારમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાનાં ફૂટેજની ચકાસણી કરવામાં આવી રહી છે.

બીજી તરફ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની ટીમે ઘટનાસ્થળેથી કેમિકલના સેમ્પલ એકત્રિત કરીને તપાસ માટે FSLમાં મોકલ્યા છે. સેમ્પલના રિપોર્ટમાં કેમિકલની પ્રકૃતિ અને તેની સંભવિત જોખમી અસર અંગે સ્પષ્ટતા થવાની શક્યતા છે. અંદાજે એક અઠવાડિયામાં રિપોર્ટ આવવાની અપેક્ષા છે. રિપોર્ટમાં કેમિકલ ઝેરી કે જોખમી હોવાનું સામે આવશે તો તેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# એમ.એસ.યુનિવર્સિટીમાં છુટ્ટા હાથની મારામારી, પટ્ટા વડે હુમલો

**કોમર્સ** ફેકલ્ટીની યુનિટ બિલ્ડિંગ પાસે બબાલ, કેમ્પસની સુરક્ષા સામે સવાલો ઉઠ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

શહેરની પ્રતિષ્ઠિત એમ.એસ. યુનિવર્સિટીમાં મારામારીની ઘટનાએ ચકચાર મચાવી છે. કોમર્સ ફેકલ્ટીના યુનિટ બિલ્ડિંગ પાસે યુવકો વચ્ચે છુટ્ટા હાથની મારામારી થતા કેમ્પસમાં અફરાતફરી મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ કેટલાક યુવકો વચ્ચે કોઈ કારણસર ઉગ્ર બોલાચાલી બાદ મામલો મારામારી સુધી પહોંચ્યો હતો. યુવકોએ એકબીજા પર પટ્ટા વડે હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. મારામારીના આ દૃશ્યો ત્યાં હાજર કોઈએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધા હતા, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ ઘટનાને પગલે એમ.એસ. યુનિવર્સિટી કેમ્પસની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો



ઊભા થયા છે. મારામારી કરનારા યુવકો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છે કે બહારના શખ્સો, તેને લઈને અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. ઘટનાને પગલે સમગ્ર કેમ્પસમાં ચર્ચા અને ચકચાર મચી હતી અને સંડોવાયેલા શખ્સો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

### ૫૫ ટકા રાહતદરે ૪૭૮ ચો.મી. જમીન આપવાની જોગવાઈ સામે ગરમાવો

# યુસુફ પઠાણને ૨૦.૫૩ કરોડની કિંમતનો પ્લોટ ફાળવવાની દરખાસ્ત મંજૂર; કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ

**સામાન્ય** નાગરિકો અને ખેલાડીઓ માટેના નિયમોમાં ભેદભાવ રખીને તંત્ર દ્વારા છૂટછાટ અપાયાનો કોંગ્રેસનો દાવો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 23

વડોદરા મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીએ તાંદલજા વિસ્તારમાં આવેલા 978 ચોરસ મીટરના કિંમતી પ્લોટની પૂર્વ ક્રિકેટર અને પૂર્વ સાંસદ યુસુફ પઠાણને ફાળવણી કરવાની દરખાસ્તને મંજૂરી આપી છે. અંદાજે રૂ. 20.53 કરોડની બજારકિંમત ધરાવતા આ પ્લોટને લઈને રાજકીય વિવાદ વકર્યો છે અને કોંગ્રેસે નિર્ણય સામે વિરોધ નોંધાવ્યો છે.

ટીપી સ્કીમ નં. 22ના ફાઈનલ પ્લોટ નં. 90 માટે યુસુફ પઠાણે 3 માર્ચ, 2012ના રોજ અરજી કરી હતી. મનપાની સામાન્ય સભાએ અગાઉ 99 વર્ષના ભાડાપટ્ટે જમીન આપવાનો ઠરાવ કર્યો હતો, પરંતુ 9 જૂન, 2014ના રોજ રાજ્ય સરકારે જાહેર હરાજી વિના જમીન ફાળવવાની દરખાસ્ત ફગાવી દીધી હતી. પ્લોટ પર કથિત દબાણ અને ફેન્સિંગનો મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો. ઓગસ્ટ 2025માં હાઈકોર્ટે અરજી ફગાવ્યા બાદ 31 ઓગસ્ટ, 2026ના રોજ પઠાણે અપીલ પાછી ખેંચી લીધી હતી. હાલની દરખાસ્ત મુજબ 500 ચોરસ મીટર જમીન રહેણાક ઉપયોગ માટે ભેટમાં અપાશે, જ્યારે બાકીની 478 ચોરસ મીટર જમીન વુડા દ્વારા નિર્ધારિત જંત્રી કે મૂલ્યાંકનના 55 ટકા ભાવે અપાશે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે સામાન્ય નાગરિકોના દબાણો સામે કડક કાર્યવાહી કરતું તંત્ર આ કિસ્સામાં નરમ વલણ અપનાવી રહ્યું છે. દરખાસ્તને હવે મનપાની સામાન્ય સભાની મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

### સ્ટેન્ડિંગ કમિટીમાં ૨૨ કામોને મંજૂરી

શુક્રવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં 22 કામોને મંજૂરી આપવામાં આવી હતી. તાંદલજા સહકાર નગર આવાસ યોજનાના બાકી ભાડાની ચુકવણી અંગે પણ ચર્ચા થઈ હતી. જાન્યુઆરી 2022થી ઓગસ્ટ 2022ના આઠ, ઓગસ્ટથી ડિસેમ્બર 2025ના પાંચ અને જાન્યુઆરી 2026થી જાન્યુઆરી 2027ના 13 હપ્તા તબક્કાવાર ચૂકવવાની મંજૂરી અપાઈ છે. ફેબ્રુઆરી 2027થી નિયમિત ભાડું ચૂકવવા બિલ્ડરનું કમિટમેન્ટ લેટર મળ્યાનું જણાવાયું હતું.

# મકરપુરા GIDC કોલોનીમાં તસ્કરો બંધ મકાનમાંથી રૂ.૪૫ લાખની મતા ચોરી ગયા

**પરિવારજનના** અકસ્માતના પગલે હોસ્પિટલ ગયો પરિવાર અને ઘરમાં તસ્કરો ત્રાટક્યા

(પ્રતિનિધિ) વડોદરા તારીખ 23

વડોદરા શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો અટકવાનું નામ લેતા નથી, ત્યારે મકરપુરા GIDC કોલોનીમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી અંદાજે રૂ.45 લાખની મત્તા ચોરી ગયાની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. પરિવારજનના અકસ્માતના પગલે આખો પરિવાર હોસ્પિટલ ગયો હતો, ત્યારે ઘરને બંધ જોઈ તસ્કરોએ હાથફેરો કર્યો હોવાની આશંકા છે. આટલી મોટી ચોરીના પગલે સ્થાનિક પોલીસના પેટ્રોલિંગ સામે પણ સવાલ ઊભા થયા છે.

મકરપુરા GIDC કોલોનીમાં રહેતા પરિવારના એક સભ્યને અકસ્માત નડતાં તેમને ગંભી ઈજાઓ થઈ હોવાના કારણે હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા હતા. દરમિયાન ઘર પરિવારજનો તેમને જોવા માટે હોસ્પિટલ ગયા હતા. આ દરમિયાન મકાન બંધ હોવાનો લાભ ઉઠાવી તસ્કરોએ ઘરમાં પ્રવેશ કર્યો હતો. મકાનની જાળીનું તાળું તોડી અંદર ઘૂસેલા તસ્કરોએ તિજોરીઓ ફંફોસીને સોના-ચાંદીના દાગીના સહિતની કિંમતી મત્તા ચોરી લીધી હતી અને ફરાર થઈ ગયા હતા.

બીજા દિવસે પરિવાર ઘરે પરત ફર્યો ત્યારે મકાનની જાળીનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું. ઘરમાં તપાસ કરતાં ચોરી થઈ હોવાનું સામે આવતાં પરિવારજનોમાં ફફડાટ ફેલાયો હતો. બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસની ટીમ સ્થળ પર દોડી આવી હતી અને તપાસ શરૂ કરી હતી.શહેરમાં એક તરફ ઘરફોડ ચોરીના બનાવો સામે આવી રહ્યા છે, ત્યારે મકરપુરા GIDC કોલોનીમાં થયેલી આ મોટી ચોરીએ રહેણાક વિસ્તારોની સુરક્ષા સામે સવાલો ઊભા કર્યા છે. પોલીસે તસ્કરોને ઝડપી પાડવા અને ચોરીનો ભેદ ઉકેલવા તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે

### પોલીસ દ્વારા રૂ. ૨.૯૧ કરોડના દારૂનો નાશ કરાયો



વડોદરા શહેરમાં ગેરકાયદેસર દારૂની પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી તેજ બનાવતાં ઝોન-4 પોલીસે 95 કેસોમાં જપ્ત કરાયેલા રૂ. 2,91,15,936ની કિંમતના પ્રોહિબિશનના મુદ્દામાલનો નાશ કર્યો હતો. કોર્ટની મંજૂરી મેળવ્યા બાદ વિવિધ પોલીસ સ્ટેશનોમાં જપ્ત કરાયેલા મુદ્દામાલનો એકત્રિત નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન ડીસીપી ઝોન-4 એન્ડ્રુ મેકવાન, એસડીએમ, પ્રોહિબિશન વિભાગના અધિકારીઓ, મામલતદાર સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક વલણ અપનાવી પોલીસે કાયદેસરની પ્રક્રિયા હેઠળ મુદ્દામાલનો નાશ કર્યો હતો.

### રેસકોર્સ અદાણી સીએનજી પંપ પર ભાવ વધારો કરવામાં આવ્યો નથી

# દિવાળીએ મોંઘવારીનો ઝટકો: વડોદરામાં અદાણી CNGના ભાવમાં ₹૪.૪૫નો વધારો

**અઢી મહિનામાં** બીજી વખત ભાવવધારો, પ્રતિ કિલો રૂ. ૯૬.૫૫ થતાં વાહનચાલકોનું બજેટ ખોરવાયું

**રિક્ષા** અને કેબચાલકો પર વધારાનો બોજ, અલગ પંપ પર ભાવમાં તફાવતથી મૂંઝવણ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 23

દિવાળીના તહેવારો દરમિયાન ખરીદી અને ઉજવણીની તૈયારીઓ વચ્ચે વડોદરાના વાહનચાલકોને મોંઘવારીનો વધુ એક ઝટકો લાગ્યો છે. અદાણી ગેસ દ્વારા શહેરમાં CNGના ભાવમાં પ્રતિ કિલો રૂ. 4.45નો વધારો કરવામાં આવ્યો છે. આ વધારા સાથે CNGનો ભાવ રૂ. 92.10થી વધીને રૂ. 96.55 પ્રતિ કિલો થયો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર હોવા છતાં CNGના ભાવવધારાથી વાહનચાલકોના ખર્ચમાં વધારો થશે.

છેલ્લા અઢી મહિનામાં CNGના ભાવમાં બીજી વખત વધારો થયો છે. અગાઉ 1 ઓગસ્ટે પ્રતિ કિલો રૂ. 4નો વધારો કરાયો હતો. આમ, ટૂંકા ગાળામાં કુલ રૂ. 8.45નો વધારો થતાં CNG આધારિત વાહનો ચલાવતા લોકોના માસિક બજેટ પર અસર પડી છે. ખાસ કરીને રોજિંદી અવરજવર કરતા નોકરિયાતો અને વેપારીઓને હવે મુસાફરી માટે વધુ ખર્ચ કરવો પડશે.

CNGના ભાવવધારાની સૌથી વધુ અસર રિક્ષા, કેબ અને સ્થાનિક પરિવહનના વ્યવસાય સાથે સંકળાયેલા ચાલકો પર પડવાની શક્યતા છે. ઈંધણનો ખર્ચ વધતાં તેમની આવકમાં ઘટાડો થવાની ચિંતા છે. તહેવારોના સમયે ભાવવધારાને પગલે સામાન્ય નાગરિકોમાં પણ નારાજગી જોવા મળી રહી છે. વાહનચાલકો ગેસના ભાવ નિયંત્રણમાં રાખવાની માગ કરી રહ્યા છે.

શહેરના વિવિધ પંપ પર CNGના ભાવમાં તફાવત સામે આવ્યો છે. રેસકોર્સ સ્થિત અદાણી CNG પંપના સંચાલકે જણાવ્યું હતું કે તેમના પંપ પર ભાવવધારો લાગુ થયો નથી અને વધુ માહિતી માટે અમદાવાદની કચેરીનો સંપર્ક કરવો પડશે. અહીં પ્રતિ કિલો રૂ. 89.90નો ભાવ જણાવાયો હતો. જ્યારે કારેલીબાગના ઉત્કર્ષ પેટ્રોલ પંપ ખાતે અદાણી CNGનો નવો ભાવ રૂ. 96.55 પ્રતિ કિલો લાગુ કરાયો હતો. ભાવમાં આ તફાવતને કારણે વાહનચાલકોમાં મૂંઝવણ ઊભી થઈ છે.

# આજવા રોડ ઉપર રામદેવનગરમાં ૨૦ વર્ષીય પરિણીતાનો આપઘાત

**દોઢ** વર્ષના લગ્નજીવનનો કરુણ અંત : આત્મહત્યા પાછળનું કારણ અકબંધ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 23

શહેરના આજવા રોડ પર આવેલા રામદેવનગરમાં દોઢ વર્ષ પહેલાં લગ્નગ્રંથિથી જોડાયેલી 20 વર્ષીય પરિણીતાએ આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ છે. પૂજાબેન ગણેશભાઈ વસાવાના આપઘાતના બનાવને પગલે પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

વડોદરા શહેરના આજવા રોડ ઉપર રામદેવનગરમાં રહેતાં પૂજાબેન વસાવાનાં લગ્નને માંડ દોઢ વર્ષ જેટલો સમય થયો હતો. તેમના પતિ ભાડેથી રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા, જ્યારે પૂજાબેન ગૃહિણી તરીકે ઘરકામ સંભાળતાં હતાં. દરમિયાન પૂજાબેને કોઈ અગમ્ય કારણોસર આપઘાત કરી



લેતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, 20 વર્ષીય પરિણીતાએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજી સ્પષ્ટ થયું નથી. બાપોદ પોલીસે બનાવ અંગે નોંધ કરી આપઘાત પાછળનાં કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ લાશને પીએમ માટે એસએસજી હોસ્પિટલમાં પણ ખસેડી છે.

### હાલોલના ફાર્મહાઉસમાં સોનાની ભાગબટાઈ કરી કેનાલમાં પુરાવા ફેંક્યાનો ખુલાસો

# ૮.૨૮ કરોડના સોનાના દાગીના પચાવી પાડવાના કેસમાં ૭ આરોપી ઝડપાયા

**મુખ્ય** સૂત્રધારની ગોવાથી ધરપકડ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરમાં મુંબઈના વેપારી પાસેથી વેપારના બહાને મંગાવેલા રૂ. 8.28 કરોડની કિંમતના 5.5 કિલોથી વધુ સોનાના દાગીના પચાવી પાડવાના કેસમાં ક્રાઈમ બ્રાન્ચ, બાપોદ પોલીસ અને LCB ઝોન-4ની ટીમે સંયુક્ત કામગીરી કરીને મુખ્ય આરોપી ભાવિક સોની સહિત સાત આરોપીઓની ધરપકડ કરી છે. ભાવિક સોની, સાગર વાઘેલા અને રાહુલ મીરના પોલીસ રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

પોલીસના જણાવ્યા મુજબ, ડાકોરના ભાવિકકુમાર દીપેશકુમાર સોનીએ વાઘોડિયા રોડ પર સાંઈ ગણેશ કોમ્પ્લેક્સમાં શ્રી અંબિકા જ્વેલર્સ નામે દુકાન ભાડે રાખી હતી. તેણે મુંબઈના વેપારીને વિશ્વાસમાં લઈને સોનાના દાગીના વડોદરા મંગાવ્યા હતા. 11 ઓક્ટોબર, 2026ના રોજ વેપારી દાગીના લઈને આવ્યો ત્યારે ભાવિકે દાગીનાની બેગ દુકાનમાં રખાવી હતી. ત્યારબાદ જમવાનું હોવાનું કહી દુકાનને તાળું મારી ચાવી પાણીના જગ નીચે સંતાડી દીધી હતી. વેપારી વોશરૂમમાં જતાં સાગરીતો સંતાડેલી ચાવીથી દુકાન ખોલી બેગ લઈને ફરાર થઈ ગયા હતા.

સીસીટીવી, ટેકનિકલ તપાસ અને બાતમીદારોની મદદથી તપાસ કરતાં મુખ્ય આરોપી ગોવામાં હોવાની માહિતી મળી હતી. પોલીસે ત્યાંથી તેની ધરપકડ કરી અન્ય છ આરોપીઓને પણ ઝડપી લીધા હતા.

તપાસમાં સામે આવ્યું કે આરોપીઓએ હાલોલ બસ સ્ટેન્ડ સામે કપડાં બદલી ઓળખ છુપાવી હતી. ત્યારબાદ ભાડે રાખેલા ફાર્મહાઉસમાં સોનાની ભાગબટાઈ કરી હતી. દાગીનાની બેગ અને લેપટોપ કેનાલમાં ફેંકી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસે 2 કિલો 376 ગ્રામ સોનાના દાગીના, 12 જોડ ચાંદીના છડા, એક સ્કોર્પિયો, એક સ્વિફ્ટ કાર, ત્રણ ટુ-વ્હીલર અને 11 મોબાઈલ ફોન કબજે કર્યા છે. જપ્ત સોનાની કિંમત રૂ. 3.11 કરોડથી વધુ છે. આરોપીઓ પૈકી કેટલાક સામે લૂંટ, ઘરફોડ ચોરી, ખૂનની કોશિશ, અપહરણ અને પ્રોહિબિશન સહિતના અગાઉના ગુનાઓ નોંધાયેલા છે. પોલીસે બાકીના મુદ્દામાલ અને કાવતરામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.